# શહેરમાં શિયાળાના આરંભે મોર્નિંગ વોકર્સ વધ્યા




ગાંધીનગર, તા. ૧૨

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે શહેરમાં વહેલી સવારે મોર્નિંગ વોકર્સની ચહલપહલ વધી ગઈ છે. શહેરના ચ-૦ સર્કલ, પ્રકૃતિ ઉદ્યાન, સરિતાઉદ્યાન, સ્વર્ણિમ પાર્ક, પુનિત વન અને ઘ-માર્ગ પર સવારે મોર્નિંગ વોકર્સ જોવા મળી રહ્યા છે. ઉપરાંત સાંજના સમયે પણ વોકિંગ કરતા શહેરીજનો જોવા મળી રહ્યા છે.

કોરોના મહામારી બાદ સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા દેખાઈ રહી છે. શહેરીજનો યોગ, પ્રાણાયામ, કસરત, વોકિંગ વગેરે દ્વારા પોતાના શરીરને ફીટ રાખવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે વહેલી સવારે શિયાળાની ઠંડીમાં મોર્નિંગ વોકર્સની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે. ઉપરાંત ગાંધીનગરમાં મોર્નિંગ કરવામાં ઘણો ફાયદો પણ છે. ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વધારે છે તેથી ઓક્સિજન ભરપૂર પ્રમાણમાં મળી રહે છે.

આજકાલ મોટા ભાગના માણસો માનસિક બીમારીઓથી ઘેરાઈ ગયા છે. આખા દિવસ ટેન્શન સંબંધોમાં તણાવ, ઘર અને જોબની મુશ્કેલીઓ આ બધું જ શારીરિક કરતા માનસિક રીતે વધુ તણાવ આપે છે. સવારે તાજી હવામાં વોકિંગ કરવાથી દિનચર્યામાં બદલાવ આવે છે. શિયાળા દરમિયાન સૌથી વધારે મોર્નિંગ વોકર્સ જોવા મળે છે. શહેરમાં સાયકલ સ્ટેન્ડ બનાવવામાં આવ્યા છે જેનો ઉપયોગ મોટા ભાગના શહેરીજનો દ્વારા કરવામાં આવે છે. સાયકલિંગ દ્વારા પણ શહેરીજનો પોતાના બોડીને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે.

"સારૂ સ્વાસ્થ્ય જાળવવા માટે રોજિંદા જીવનમાં યોગ અને કસરત અપનાવવા જોઈએ. હું દસ વર્ષથી મોર્નિંગ વોક, યોગ, જોગિંગ કરૂ છુ. મારૂ ગ્રુપ કલરવ ગ્રુપ છે જેમાં ૧૨ સભ્યો છે. અમે દરરોજ કસરત કરીએ છીએ. શહેરના સ્વર્ણિમ પાર્કમાં વહેલી સવારે ૭ વાગ્યે મોર્નિંગ વોક કરીએ છીએ. તેનાથી મેન્ટલ અને ફીઝીકલ ફિટનેસ સારી રહે છે."

**- ડો. અસિમ શાહ (રેડિયોલોઝિસ્ટ, સેક્ટર-૧૬)**

"એક સાથે ૭-૮ કી.મી. ચાલવાનો મારો હઠાગ્રહ છે. દેશમાં હોઉ કે પરદેશમાં હોઉ દરરોજ વોકીંગ કરવાનો નિત્ય ક્રમ છે. વોકિંગ કરવાથી, કસરત કરવાથી મેન્ટલી રિલેક્સ થવાય છે. તમે વોકિંગ કરતા કરતા ભગવાનને પણ યાદ કરી શકો છો. કામ કરવાની એફિશિયન્સી વધે છે."

**- નિશિત વ્યાસ (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, મહામંત્રી)**

"મોર્નિંગ વોકના અનેક ફાયદા છે. ફિટનેસ સારી રહે છે. ફાસ્ટ વોકિંગથી વજન પણ ઘટે છે. પહેલા હું સાડા સાત કિ.મી. ચાલતો હતો અને હવે સાડા ત્રણ કિ.મી. ચાલુ છુ. ગમે તેવું ટેન્શન હોય પણ વોક કરવાથી બધું જ ટેન્શન દૂર થઈ જાય છે.

**- જયરાજસિંહ સરવૈયા**
**(રિટાયર્ડ ચીફ કોચ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત)**

વોકીંગથી શ્વાસોશ્વાસની ક્રિયા ઝડપી થવાથી ઓક્સિજન લેવલ સારા પ્રમાણમાં મળે છે. સારી તંદુરસ્તી માટે ચાલવું અને દોડવું ખૂબ જ ફાયદાકારક છે. વેઈટલોસ, ફેટલોસ અને હૃદય માટે મોર્નિંગ વોક ખૂબજ સારૂ છે. ડાયાબિટીસ, લોહી પરિભ્રમણ, સુગર લૉ થાય છે. ડાયઝેશન સુધરે છે, પેટ ફુલવુ, એસીડીટી, ગેસમાં ફાયદો થાય છે."

**- ભાવના જોષી (યોગ કોચ)**

## ખૂણેખાંચરેથી

- સે. ૨૧ ના પૂજા પાર્લરમાં આજે કોઈ ગ્રાહક રૂ. ૨૦૦ના ચલણની ખોટી નોટ આપી જતો રહ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં વોર્ડ નં. ૧૧ના યોજાયેલ સેવાસેતુમાં મેયર, ડે. મેયર, સ્થાયી સમિતિના ચેરમેન તેમજ ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.
- સેવાસેતુના આજે ખોરજ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૩૫ થી વધુ સેવા માટે એક પણ અરજદાર આવ્યો ન હતો. આ સેવાસેતુમાં ૨૧૨૭ અરજદારોએ લાભ લીધો હતો. જો કે સૌથી હેલ્પ વેલનેસ કાર્ડના અરજદારો નોંધાયા હતા.
- જિલ્લાના સ્લમ વિસ્તારમાં પોલીસ એક મહિના સુધી જન જાગૃત્તિ અભિયાન યોજશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે આજે યોજોયલ નિરામય ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલ કેમ્પમાં ૩૦ થી વધુ લાભાર્થીઓને નિરામય હેલ્થ કાર્ડ, પી.એમ.જે.વાય કાર્ડ તેમજ હેલ્થ આઈ.ડી. કાર્ડ કલેક્ટર, ડી.ડી.ઓ. ધારાસભ્ય શંભુજી ઠાકોર, પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલના હસ્તે એનાયત કરાયા હતા. કેમ્પમાં ૧૨૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.
- ગાંધીનગર જિલ્લાનો સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરીમાં ૨૫ નવેમ્બરે યોજાશે. આ કાર્યક્રમ માટે રજુઆતકર્તાએ તેમના મુદ્દા ૧૮મી નવે. સુધીમાં કલેક્ટર કચેરીએ મોકલી આપવાના રહેશે.
- ભાવનગર જિલ્લાના પ્રભારી તરીકે જિલ્લાના કોંગી અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલા તથા રાજેશભાઈ ગોહિલ (ધારાસભ્ય)ની નિયુક્તી કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હું સચિવાલયમાં નોકરી કરવા જાઉં છું... છેડતી તો બીજાએ કરી છે... મારા પર નાહકની શક કરે છે...!**

# કોવિડ મૃત્યુ સહાયના ક્લેમ અંગેનો મેસેજે સોશિયલ મિડીયામાં અસમંજસ સર્જી

ગાંધીનગર, તા. ૧૨

"કોરોનાથી મૃત્યુ પામેલ દિવંગતો માટે ગુજરાત સરકારશ્રીએ આજે ક્લેમ કરવા માટે પરિપત્ર જાહેર કરી દીધો છે." આ પ્રકારનો મેસેજ અત્યારે સોશિયલ મિડીયાના લગભગ તમામ ગૃપમાં જોવા મળી રહ્યો છે. જો કે આ મેસેજ અંગે શહેરના વિવિધ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ચર્ચાઓ સાથે અસમંજસનો માહોલ પવર્તી રહ્યો છે. જેમાં અનેક વ્યક્તિઓ દ્વારા હજુ આ મેટર કોર્ટમાં હોવાના દાવા સાથે કાર્યવાહી શરૂ થઈ નથી તેવી વાતો કહેવામાં આવી રહી છે જ્યારે કેટલાંક દ્વારા આ પ્રકારના ફોર્મ સ્વીકારાતા નથી તેવી દલીલો સાથે રોષ ઠાલવવામાં આવી રહ્યો છે જેના કારણે કોવિડ મૃત્યુ સહાય, અત્યારે પાટનગરના સોશિયલ મિડીયામાં 'ટોક ઓફ ધ ટાઉન' બની રહ્યું છે.

કોરોના મહામારીની બીજી લહેર દરમ્યાન શહેરના અનેક પરિવારો તેની ઝપટમાં આવી ગયાં હતા અને તે સાથે અસંખ્ય દર્દીઓ મોતને ભેટ્યાં હતા જેના કારણે ચોતરફ કાળો કેર વર્તાયો હતો. અનેક પરિવારોમાં મુખ્ય આધાર વ્યક્તિઓ કોરોનાનો કોળિયો બની જતાં પરિવારો નિરાધાર સ્થિતિમાં આવી ગયાં હતા જેમાં જે દર્દીઓના હોમ આઈસોલેશનમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયાં હોય તેમને કોરોના ડેથ સર્ટિફિકેટ લેવામાં મુશ્કેલી પડી હતી અને ડેથ સર્ટિફિકેટમાં મૃત્યુનું કારણ કોરોના ના આવતા તેમને સરકારની સહાય મેળવવા પાત્ર ગણવામાં ના આવ્યાં જેના કારણે ઉભો થયેલો વિવાદ કોર્ટ સુધી પહોંચ્યો હતો. અત્યારે સોશિયલ મિડીયામાં જે કોરોના મૃતક સહાયના ફોર્મ ફરી રહ્યાં છે તેમાં કોર્ટના આદેશ અનુસાર વળતર ચુકવવામાં આવશે તેવી વાત જણાવાઈ છે જેના કારણે મૃતકોના વારસદારો અરજી કરવા પ્રેરાયા છે. આ પ્રકારની પોસ્ટ ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટર અને પૂર્વ ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે પણ વહેતી કરી હતી જેમના જણાવ્યા અનુસાર સોમવારથી આ સહાયના ફોર્મ સ્વીકારવાનું શરૂ થઈ જશે તેવું તેમણે જણાવ્યુ છે.



ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામે આજે આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા યોજાયેલ નિદાન કેમ્પની જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ તથા ધારાસભ્ય શંભુજી ઠાકોરે મુલાકાત લીધી હતી.



નટ બજાણીયાઓના ખેલ ભજવવાના હવે ઓછા થઈ ગયા છે તેમ છતાં ગાંધીનગર શહેરમાં ક્યારેક ક્યારેક આવા ખેલૈયાઓ જોવા મળી જાય છે. દોરડા પર કે ડબ્બા પર પોતાના શરીરનું બેલેન્સ જાળવતા આ કલાકારો આવતા-જતા વસાહતીઓમાં આકર્ષણ જમાવી રહ્યા છે. રખડતા કુતરાઓને પોતાની ટોળકીમાં સામેલ કરી તેની પાસે જાતભાતના ખેલ કરાવતા આ ખલૈયાઓ મોંઘવારીના સમયમાં પેટીયુ રળવા ખુબ મહેનત કરી રહ્યા છે.

# રાજયમાં ૧૩૮૨ પીએસઆઈ માટે સાડા પાંચ લાખ અરજીઓ

ગાંધીનગર, તા.૧૨

રાજય સરકારના પોલીસ બેડામાં ૧૩૮૨ પીએસઆઈની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ૧૩૮૨ પીએસઆઈની ભરતી પ્રક્રિયા માટે રાજયભરમાંથી સાડા પાંચ લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે આગામી હોળી સુધીમાં પીએસઆઈની ભરતી પરિક્ષા પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

મળતી વિગત મુજબ તાજેતરમાં રાજય સરકાર દ્વારા પોલીસ વિભાગમાં મોટીસંખ્યામાં ભરતી કરવા અંગે જાહેરાત કરવામાં આવી છે. જેમાં પીએસઆઈમાં ઉમેદવારી માટે ગત તા.૩ નવેમ્બર અંતિમ તારીખ હતી. ૧૩૮૨ પીએસઆઈ ભરતીમાં ૪૩૧ મહિલાઓની જગ્યા છે.જયારે પીએસઆઈ અને એલઆરડીની શારીરીક ક્ષમતાના માપદંડ એક સરખા હોવાથી શારીરીક કસોટી ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાશે. રાજયમાં ૧૫ કેન્દ્ર પરથી ફીઝીકલ ટેસ્ટ લેવામાં આવશે. જયારે પ્રિલિમ પરિક્ષા જાન્યુઆરીમાં તેમજ મેઈન્સ હોળીના તહેવાર પહેલા લેવામાં આવે તેવી સંભાવના છે. રાજયના પોલીસ બેડામાં આગામી સમયમાં ૧૩૮૨ પોલીસ સબ ઈન્સ્પેકટરની ભરતી થતા પોલીસ તંત્ર વધુ મજબુત બનશે. ત્યારે ઉલ્લેખનીય છે કે રાજયના પોલીસ વિભાગમાં એલઆરડીની ૧૦,૪૫૯ ભરતી માટે ૧૨ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૯.૪૬ લાખ અરજી કન્ફર્મ થઈ છે તેમાં ૭૩ ટકા પુરુષો અને ૨૭ ટકા મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. તો બીજીતરફ સર્વરમાં પ્રોબ્લમ થતા અનેક ઉમેદવારો અરજી કરી શકયા નથી.

# જિલ્લામાં 'નિરામય ગુજરાત'નો આરંભ રૂપાલ ખાતેથી કરાયો




ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે બિનચેપી રોગો અને બિમારીઓના સ્કીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન નિરામય ગુજરાતનો પ્રારંભ આજરોજ રૂપાલ ગામ ખાતેથી કરવામાં આવ્યો હતો. નિરામય ગુજરાતનો પ્રારંભ કરાવતાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર ગુજરાતમાં રાજયના મુખ્ય મંત્રીશ્રીના હસ્તે આ અભિયાનનો આરંભ પાલનપુર ખાતેથી કરવામાં આવ્યો છે. નિરામય ગુજરાત થકી અનેક રોગોની સારંવારનો લાભ સામાન્ય નાગરિકોને સરળતાથી મળી રહેશે. બદલાતી જતી લાઈફસ્ટાઈલ, ખાન-પાન આદતો, સ્ટ્રેસ અને હાઈપર ટેન્શનથી હૃદયરોગ, ડાયાબિટીઝ, કીડનીની બિમારી જેવા રોગોનો ભોગ નાગરિકો બનતા હોય છે. પરંતુ તેનો ખ્યાલ લાંબા સમય સુધી આવતો નથી. તેથી ઘણીવાર આવા રોગ ગંભીર અને જાનલેવા બની જાય છે. એક રીપોર્ટ અનુસાર વિશ્વમાં એક વર્ષમાં ૬.૫૦ કરોડ લોકોના મૃત્યૃ થાય છે, જેમાંથી ૪.૫૦ કરોડ લોકોના મૃત્યૃ આવા પ્રકારના રોગોથી થાય છે.

કલેકટરશ્રીએ ઉમેર્યુ હતું કે, પહેલું સુખ તે જાતે નર્યા'ના ધ્યેય સાથે રાજ્ય સરકારે આવા રોગ થાય જ નહીં, થાય તો ઉગતા જ ડામી દેવાય એટલુ જ નહીં પ્રાથમિક તબક્કે સ્કીનીંગ થઈ જાય અને તપાસ નિદાનથી લઈને રોગ સંપૂર્ણ મટી જાય ત્યાં સુધીની સઘન સારવાર વિનામૂલ્યે આપવા આ 'નિરામય ગુજરાત' અભિયાન આદર્યું છે.




**ગાંધીનગરના વિવિધ પોલીસ મથકની મહિલા ટીમ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ**

ગાંધીનગરના વિવિધ પોલીસ મથકની મહિલા ટીમ દ્વારા મહાત્મા મંદિર, તેમજ શહેરની ઝુંપડપટ્ટી વિસ્તારમાં જઈને શ્રમજીવી પરિવાર સાથે વાતચીત કરી હતી. આ વિસ્તારમાં રહેતા પરિવારોને બોલાવીને નાના બાળકીઓ પર થતા અત્યાચાર રોકવા માતા પિતાએ કેવી તકેદારી રાખવી જોઈએ, બાળકોએ કેવી રીતે સાવચેત રહેવુ જોઈએ, તો કોઈ શખ્સ તેમને કોઈ પણ પ્રકારની ચોકલેટ, મોબાઈલ કે અન્ય કોઈ ચીજવસ્તુની લાલચ આપે તો આ લાલચમાં ન આવવુ જોઈએ. તે બાબત અંગે જાગૃત કર્યા હતા. જયારે કોઈપણ વ્યકિત પર શંકા લાગે તો તાત્કાલીક ૧૦૦ નંબર ડાયલ કરીને પોલીસને જાણ કરવી. જિલ્લા પોલીસ મથકની મહિલા ટીમ દ્વારા પોતાના વિસ્તારમાં શ્રમિક વિસ્તારમાં જઈને જન જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# ગુજરાત પોલીસના ડોગ બ્રીડીંગ સેન્ટરમાં નવા ચાર બેલ્જિયમ શેફર્ડનું આગમન

**તાજેતરમાં ચેતક કમાન્ડો સ્કવોડમાં નવા ૬ બેલ્જિયમ શેફર્ડ ડોગ સામેલ કરાયાં છે : આણંદ ખાતે નિવૃત્ત પોલીસ ડોગ માટે ઓલ્ડ એજ હોમ પણ વિકસાવાયું છે**




ગાંધીનગર તા. ૧૧

ગુજરાત પોલીસ ખાતાને હવે બેલ્જિયમ શેફર્ડ ડોગની સેવાઓ પ્રાપ્ત થશે કેમકે ચેતક કમાન્ડો સ્કવોડમાં નવા ૬ ડોગ સામેલ કરાયાં છે. અમદાવાદના સૈજપુર ખાતે બનાવાયેલા પોલીસ શ્વાન તાલીમ કેન્દ્રમાં એક વર્ષની સઘન તાલીમ લઈને આવેલા આ શ્વાન તેમની સેવાઓ આપવા સજ્જ બન્યાં છે. આ ઉપરાંત સૈજપુર ખાતેના પોલીસ શ્વાન તાલીમ કેન્દ્રમાં વિકસાવાયેલાં ડોગ બ્રીડીંગ સેન્ટરમાં બેલ્જિયમ શેફર્ડ પ્રજાતિના ચાર નવા ગલૂડિયાંનો પણ જન્મ થતાં આ ડોગ સ્કવોડ નજીકના ભવિષ્યમાં વધુ મજબૂત બનશે. ગાંધીનગર ખાતે તાજેતરમાં પોલીસ ટ્રેનિંગ ડિપાર્ટમેન્ટના ડીજીપી વિકાસ સહાયે આ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ માટે ડોગ સ્કવોડ એક મહત્વનું પરિમાણ છે જેમાં બેલ્જિયમ શેફર્ડ પ્રજાતિના શ્વાન ખૂબ જ ચપળ અને આક્રમક હોવાથી તેની મહત્તા વધુ છે. રાજ્યના પોલીસ દળના ચેતક કમાન્ડોમાં કાર્યરત આ ડોગ સ્કવોડ માટે તેમને વિશેષ તાલીમ આપવામાં આવે છે. તાજેતરમાં નવા કુલ ૬ બેલ્જિયમ શેફર્ડ ડોગ્સને ખરીદીને ડોગ્સ ટ્રેનિંગના એક્ષ્પર્ટ દ્વારા એક વર્ષની તાલીમ આપીને ડોગ સ્કવોડમાં ઉમેરવામાં આવ્યાં છે. વળી, ટ્રેનિંગ સેન્ટર સાથે વિકસાવેલાં બ્રીડીંગ સેન્ટરમાં આશરે ૨૦ દિવસ પહેલાં એક બેલ્જિયમ શેફર્ડ ફિમેલ ડોગની સફળ પ્રસુતિ કરાવાઈ જેમાં તેણે ચાર તંદુરસ્ત બચ્ચાંને જન્મ આપ્યો છે જે પણ આવનારા ભવિષ્યમાં ડોગ સ્કવોડમાં સામેલ થઈ શકે છે. તેમણે એ પણ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસની ડોગ સ્કવોડમાં સેવા આપ્યાં બાદ નિવૃત્ત થતાં ડોગ્સ માટે આણંદ ખાતે ખાસ ડોગ ઓલ્ડ એજ હોમ પણ વિકસાવાયું છે જ્યાં તેમની વેટરનરી તબીબ સાથેની ટીમ દ્વારા સારસંભાળ રખાય છે. એક બેલ્જિયમ શેફર્ડ ડોગ આશરે ૯ વર્ષ જેટલી સેવા આપે છે.

# ગાંધીનગરના આપ કાર્યકર્તાઓ-હોદ્દેદારો "દિલ્હી દર્શને" જવા રવાના

**"કાર્યદર્શન યાત્રા" અંતર્ગત ગુજરાતમાંથી ૧૪૦૦ કાર્યકર્તાઓ દિલ્હી જવા રવાના : ગાંધીનગર મનપાની ચૂંટણીમાં જોયા વગર દિલ્હી મોડેલનો પ્રચાર કર્યો હતો, હવે વિધાનસભાની ચૂંટણીઓમાં જોઈને પ્રચાર કરશે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં મહાનગર પાલિકાની ચૂંટણીઓ પહેલીવાર લડીને ૨૧ ટકાથી વધુ મતો મેળવી સૌનું ધ્યાનાકર્ષિત કરનાર આમ આદમી પાર્ટીએ તેના પ્રચારમાં દિલ્હી મોડેલનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને 'આપ' દ્વારા અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેમાં પણ તેઓ દિલ્હી મોડેલને જ પ્રચારનો મુખ્ય મુદ્દો બનાવશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે કેમકે આજે આમ આદમી પાર્ટીના ૨૫૦ કાર્યકર્તાઓ-હોદ્દેદારો "કાર્યદર્શન યાત્રા" અંતર્ગત દિલ્હી જવા રવાના થયા હતા.




દિલ્હીમાં કેજરીવાલ સરકારે શિક્ષણ, આરોગ્ય અને નાગરિકલક્ષી સુવિધાઓ ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યુ હોવાનો દાવો કરતાં આપના ઉમેદવારો-કાર્યકરોએ ગાંધીનગર મનપાની ચૂંટણી પ્રચાર ગજવ્યો હતો પરંતુ તે પૈકી મોટાભાગનાએ જાતે દિલ્હી જઈને તે કાર્યો જોયા નહોતા. હવે વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં આ કસર ના રહી જાય તે હેતુથી આપ પાર્ટી દ્વારા કાર્યદર્શન યાત્રા યોજવામાં આવી છે જેમાં ગુજરાતભરમાંથી આશરે ૧૪૦૦ જેટલાં કાર્યકરો દિલ્હી જવા રવાના થયા છે. આ યાત્રામાં ગાંધીનગરમાંથી પણ પ્રદેશ સંગઠ્ઠન મંત્રી હસમુખ પટેલ, પ્રદેશમંત્રી મુકેશ પટેલ સહિત અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મળીને આશરે ૨૫૦ જેટલાં વ્યક્તિઓ જોડાયાં છે. યાત્રાને પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ તથા સંગઠન મંત્રી મનોજ સોરઠીયાએ વટવા રેલ્વે સ્ટેશને લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. કાર્યદર્શનયાત્રા અંતર્ગત કાર્યકર્તાઓને દિલ્હીના વિકાસ કાર્ય દેખાડવામાં આવશે.

# જીએમએલ લીગમાં એનએચસીએની ટીમે લાયન્સને પરાસ્ત કરી

**મેન ઓફ ધ મેચ રોહન મિસ્ત્રીએ ૩૫ રનમાં ૫ વિકેટ ઝડપી**

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગરના સેકટર-૮માં સમર્પણ ગાઉન્ડ ખાતે રમાઈ રહેલી જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે એનએચસીએ તથા લાયન્સ ક્રિકેટ એકેડેમીની ટીમ ટકરાઈ હતી જેમાં એનએચસીએની ટીમનો વિજય થયો હતો. આ મેચમાં રોહન મિસ્ત્રીએ ૩૫ રનમાં લાયન્સની ૫ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચનો ખિતાબ જીત્યો હતો.



જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે રમાયેલી મેચમાં એનએચસીએ ટીમે ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. લાયન્સ એકેડમીની ટીમે પહેલા બેટિંગ કરતાં રોહન મિસ્ત્રીની ઝંઝાવાતી બોલીંગ સામે ૨૦ ઓવરમાં ૧૦ વિકેટે માત્ર ૯૭ રનનો સ્કોર કર્યો હતો. જવાબમાં એનએચસીએની ટીમે ૪ વિકેટે ૯૮ રન બનાવી વિજય મેળવ્યો હતો.